उतिष्ठत जाग्रत प्राप्य वरान्निबोधत

"જાગો, ઉઠો, વિરમો નહિ,
સાધ્યો આશય ના જ્યાં સુધી"

# સમસ્ત શ્રીગૌડ સમાજ, ગુજરાતનું

(રજી.નં. : A / 3352 / Ahmedabad)

## મુખપત્ર

**તંત્રી મંડળ**

ભરત એસ. શુક્લ
ધ્રુવ જે. શુક્લ
દક્ષેશ એસ. પુરોહિત
યોગેશ કે. શુક્લ
પ્રવીણ પુરોહિત

સપ્ટેમ્બર, ઓક્ટોબર, નવેમ્બર ૨૦૧૮

श्री महालक्ष्म्यै नमः



श्री महालक्ष्मी प्रसन्नाऽस्तु

**શ્રી મહાલક્ષ્મી તીર્થધામ, શહેરા**


**પ્રમુખશ્રી પ્રિ.ડો. બંસીધર એન. ઉપાધ્યાય**
ઈ-૧૦, આયોજન નગર, શ્રેયસ ક્રોસિંગ પાસે,
પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૭. મો. ૯૮૨૪૪૦૬૩૮૧

**મંત્રીશ્રી કૌશિક એચ. પાઠક**
એ/૧, ઉદય ફ્લેટ્સ, શાંતિવન પાસે,
પાલડી, અમદાવાદ. મો. ૯૮૨૫૭૮૮૧૮૮

**મંત્રીશ્રી જયંત જી. જોષી**
૪૧૫/૨, સેકટર-૩બી, ગાંધીનગર.
મો. ૯૬૦૧૯૯૫૫૬૭

**તંત્રીશ્રી**
જીજ્ઞેશ બી. પંડિત
મો. ૯૦૯૯૦૨૯૦૭૯

**સંપાદકશ્રી**
હસિત એચ. પાઠક - મો. ૯૮૨૫૨૭૭૪૪૦
વિપુલભાઈ વી. દવે - મો. ૯૪૨૬૦૪૭૨૪૮

# સમસ્ત શ્રીગૌડ સમાજ, ગુજરાત

રજી.નં. A 3352, Ahmedabad

## સામાન્યસભા (A.G.M.)ની નોટીસ અને કાર્યક્રમ

તા. ૩૦-૦૯-૨૦૧૮ના રોજ શહેરા (જિ. પંચમહાલ) ખાતે મળેલી સામાન્ય સભામાં નક્કી થયા મુજબ આપણા સમાજની સામાન્ય સભા આગામી તા. ૨૦-૦૧-૨૦૧૯, રવિવારના રોજ શ્રીગૌડ બ્રાહ્મણ પંચ, શહેરાના આમંત્રણથી શહેરા મુકામે રાખવામાં આવેલ છે.

### કાર્યસૂચિ

(૧) ચેરીટી કમિશ્નરશ્રીના કાર્ય બાબતમાં થયેલ કાર્યવાહીની સમીક્ષા કરવા બાબત.

(૨) વર્તમાન સમાજની કારોબારિની અવધી પૂર્ણ થઈ હોઈ નવા પ્રમુખ, ઉપપ્રમુખ, ખજાનચી અને કારોબારીની રચના કરવા બાબત.

(૩) સમાજના ટ્રસ્ટી મંડળમાં નવા ટ્રસ્ટીઓની નિમણુંક બાબત.

(૪) પ્રમુખ સ્થાનેથી રજૂ થાય તે.

**તા. ૨૦-૦૧-૨૦૧૯, રવિવાર, સમય : બપોરે ૨.૦૦ કલાકે**

**(બપોરે ૧૨ થી ૧.૩૦ સુધીમાં ભોજન લઈ કાર્યવાહી કરીશું.)**

**ભોજનની સુવિધા બ્રાહ્મણપંચના શહેરાના અધ્યક્ષ અને તેમની સમગ્ર કાર્યવાહક ટીમના સૌજન્યથી**


**સ્થળ :**

**મહાલક્ષ્મી તીર્થધામ, તળાવ ઉપર, મુ. શહેરા, જિ. પંચમહાલ.**

**મંત્રીઓ**

**કૌશિક એચ. પાઠક** **જયંત જી. જોષી**

**પ્રમુખ શ્રીની કલમે**



આદરણીય વડિલ જનો, મુરબ્બીઓ, મિત્રો, માતાઓ, ભગિનીઓ, બાળકો ....

સર્વે શ્રીજનોને આપના બંસીધર ઉપાધ્યાયના સસ્નેહ સાલમુબારક. ૨૦૭૫ થી પ્રારંભનું નવું વર્ષ અને આવનારાં બધા જ વર્ષો આપને સર્વતયા સુખદાયી, યશસ્વી અને નિરામય તંદુરસ્તીવાળા બને તેવી આદ્યશક્તિ જગત જનની વિષ્ણુ વિલાસિની મા મહાલક્ષ્મીનાં શ્રી ચરણોમાં પ્રાર્થના.

અનેકવિધ પ્રવૃત્તિઓ, મિટિંગો, મુલાકાતો, સંગઠન માટેના પ્રવાસો કર્યા પછી શહેરા મહાલક્ષ્મી તાર્થધામમાં નક્કી કર્યા મુજબ અત્યારસુધીના હિસાબો અને ચેરિટી કમિશ્નરમાં નામોની પ્રક્રિયા પૂર્ણ થયા છે. નવા વર્ષમાં સૌ એક નવા જ અદમ્ય ઉત્સાહ સાથે મળી સમાજના હિતમાં ઉત્કર્ષમા ંઆઘળ વધીએ. मुण्डे मुण्डे मतिर्भिन्ना:...એમાંય આપણે તો વિરાટ પુરુષનું મુખ કહેવાઈએ છીએ. (ब्राहम्णोऽस्य मुखमासित्) એથી અનેક તર્ક-વિતર્ક અને વાદ-સંવાદ હોય, છતાં વિશાળ, દિલ, મન રાખી એક બની સમાજના ઉત્કર્ષમાં આગળ વધીએ. આ માટે મેં ગયા વખતે પણ કહ્યું હતું કે તન, મન, ધનથી મદદ કરીછે અને કરીશ. ૬૦૦ માંથી ૧૨૦૦ ઉપરની આજીવન સભ્ય સંખ્યા થઈ છે અને હજુ વધશે. વિવિધ ઉપકારક પ્રવૃત્તિઓ માટે દાન મળ્યું છે અને મળશે. એ માટે ઘણા તત્પતર છે. પણ योजकस्तत्र दुर्लभ: એ ન્યાયે આપણે ઉણા પડીએ છીએ નહિતો આપવાવાળા છે જ - મળશે જ તેમની સૌજન્યતાનો લાભ લઈએ. મારી પ્રમુખ તરીકેનો સમય ગાળો પૂર્ણ થઈ ગયો છે. હવે નવી એ.જી.એમ.મમાં જે કોઈ આ ધુરા લેવા તત્પર હશે તેને મારો સાથ સહકાર સહર્નિશ મળશે જ. મેં કહ્યું જ કે, પંચમહાલ રત્ન સમા શ્રી મીહિરભાઈ પંડ્યાએ આનંદનગર ચાર રસ્તા જેવા પોશવિસ્તારમાં ૪૦ થી ૪૫ લાખની કિંમતની ઑફિસ આપણને સમાજની ઑફિસ માટે ફ્રીમાં ફાળવી છે. તો તેમાં નિયમિત આપણે સૌ આવતા રહીએ. એકાદ સેવાભાવી માણસની નિયુક્તિ કરીએ જેથી તમામ રેકોર્ડ વ્યવસ્થિત રીતે ગોઠવી શકે. હું સદંતર નિવૃત્ત હોઈ જ્યારે પણ જ્યાં પણ જરૂર હશે ત્યાં મદદરૂપ થઈશ. મને આનંદ છે કે ઘણા બધા મિત્રો સમાજ ભવન માટે તથા મેડિકલ સેવા માટે તથા અન્ય બાબતો માટે પૈસા આપવા તત્પર થયા છે. આવો આપણે આપણા પૂર્વગ્રહો, દુરાગ્રહો મીટાવી મતભેદ દૂર કરી એક બની આવા પવિત્ર કાર્યમાં જોડાઈ આપણી હવે પછીની પેઢી માટે ઉત્તમભાથુ બાંધી શકીએ.

સમયાવધિને કારણે ઘણું કરવાનું બાકી છે. આપણામાં રહેલી આળસવૃત્તિ તથા અનેક પરિવારોને કારણે આપણે પીછેહઠ કરવી નથી. જે રીતે જે મહાનુભાવો,યુવાનો, દોસ્તો, આગળ આવવા માંગતા હોય તે આવોટીપ્પણીઓ અને ટીકાઓથી પર રહી જેને કરવું જ છે તેને મુક્ત મેદાન આપો. યુવા જગત ખરેખર આવા કાર્ય માટે થનગની રહ્યું છે તે તો ક્રિકેટ વખતે શ્રી ચિંતનની મિટિંગમાં આપણે જોયું જ છે. બહારગામ

વસતા શ્રીંધુઓ આમ અવાર-નવાર ફોન કરી ઑફિસ ઉપર આવતા રહો તો કાર્યાલય ધમ-ધમતું રહે. એક બીજાનાવિચારોનું આદાન-પ્રદાન થાય તો કંઈક નવું મળે. નવનીત બીજાને અર્પણ થઈ શકે. ડૉક્ટરો, વકિલો, ઈજનેરો, પ્રાધ્યાપકો, પ્રિન્સિપાલો આવા સૌ બુદ્ધિજીવીઓ આપ એકત્રિત બનો. વચ્ચે મેં અગાઉના આપણા મુખપત્ર આ જાગૃતિમાં આ બધા સેવાભાવીનું લીસ્ટ મુક્યું હતું આવું જ કાર્ય હજુ પણ જે મિત્રો પોતાના વ્યવસાય શ્રી બંધુને જોડીને, બીજી રીતે મદદ કરીને આગળ વધો. ઈતર જ્ઞાતિની એકતાથી આપણે સુવિદિત છીએ જ પછી બ્રાહ્મણોની એકતાને શ્રીજનોની એકતાને આવકારી આપણા માટેની ખોટી અદેખાઈની ઝેરની વાતને ભૂલીને બીજાની સેવા માટે તત્પર થઈએ. હજુ ગામડાના અંતરિયાળ વિસ્તારોમાં ઘણા શ્રીબંધુઓને ઘણી મુશ્કેલીઓ છે. જે કહીપણ શક્તા નથી કે રહીં પણ શક્તા નથી તેઓ માટે આપણે સેવા સેતુ બનીએ તેવી મારી અભિલાષા છે.

મને મળેલા નેતૃત્વના વર્ષોમાં થાય તેટલી સેવાકીય પ્રવૃત્તિઓ કાર્યો કર્યા જ છે, કરવા છે, કરીશ. પુનઃદોહરાવું જે કોઈ નવી ટીમ આવશે તેને મારો તન, મન, ધનથી સાથ હશે જ. યુવા મિત્રો આગળ આવો. પ્રબુદ્ધોનો સાથ સથવારો તમને મળશે જ. તેઓના અંતરના આશિષથી આપણે શ્રી સમાજના હિતમાં જોતરાયેલા રહીશું જ. કેટલાક મિત્રોની ઉદાસીન વૃત્તિ અને મનમાં પડેલી હિત વિરોધી દૃષ્ટિને દૂર કરી, વિશાળ હૃદય અને ખુલ્લામને તેને હટાવી એક બીજાની સેવામાં સહકારમાં જોડાઈ એવી પ્રભુને પ્રાર્થના.

મારા કાર્યકાળમાં જે મિત્રોએ, હોદ્દેદારોએ, કારોબારી સભ્યોએ અને હિતચિંતકોએ જે જે રીતે સાથ સહકાર આપ્યો છે એ સૌનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરું છું. આપ સૌથી યત્કિંચિત કરી શક્યો છું, મોર પિંછાથી રઢિયામળો છે તે પીછા આપ સૌ છો તે સ્વિકારીને મારી ક્ષતિઓને, મજબૂરીઓને આપ સૌ નજર અંદાજ કરી આપણે સૌ શ્રી સમાજના હિતમાં, ઉત્કર્ષમાં આગળ વધો, આગળવધો... અને સૌ સાથે માતાના શ્રીચરણોમાં પ્રાર્થના કરી એ કે -સંગચ્છધ્વં સંવદધ્વં સં વો મનાંસિ જાનતામ્... સમાનિ વઃ આકુતિઃ ... **આપણે સૌ એક થઈએ નેક થઈએ, સમાજને સમર્પિત થઈએ**.

અસ્તુ.

આપનો શુભચિંતક

**પ્રિ.ડૉ.બંસીધર ઉપાધ્યાય**

પ્રમુખશ્રી, સમસ્ત શ્રીગૌડ સમાજ, ગુજરાત, અમદાવાદ

## લાગણી સભર અપીલ...

**દાન આપો દિલથી, દાતા બનો ભાવથી...**

**એકાઉન્ટ નામ :** સમસ્ત શ્રીગૌડ સમાજ ગુજરાત

**બેંક :** સ્ટેટ બેંક ઑફ ઈન્ડિયા, **બ્રાન્ચ :** દાણાપીઠ બ્રાન્ચ (૦૧૬૯૮)

**એકાઉન્ટ નંબર :** 30121839092

IFS Code : SBIN0001698

# સમાચાર સંચય

- તા. ૦૨-૧૨-૨૦૧૮ના રોજ લુણાવાડા શ્રીગૌડ સમાજ ગૃહસ્થ મોટુ તડ દ્વારા અમદાવાદ મુકામે સ્નેહમિલન કાર્યક્રમ યોજાયો. તેમાં સમાજના શ્રીબંધુઓ હાજર રહી આનંદ લીધો. ૭૫ વર્ષના વડીલોનું શાલ આપી સન્માન કરવામાં આવેલ હતું.
- કુ. શ્રુતા દક્ષેશકુમાર પુરોહિતને ૮૪% સાથે ઓસ્ટ્રેલિયામાં La Trobe યુનિવર્સીટી દ્વારા એમ.એસસી. ની ડીગ્રી એનાયત કરવામાં આવી. સમાજ તરફથી અભિનંદન ..!
- તા. ૩૦-૧૧-૨૦૧૮ના રોજ શ્રીગૌડ સાડત્રીસ સમાજ અમદાવાદ દ્વારા જ્ઞાતિજનો દ્વારા સ્નેહ મિલન કાર્યક્રમ મણીનગર ખાતે યોજાઈ ગયો.
- હસીતભાઈ તારકભાઈ દવે (કિરીટભાઈ શીવપ્રસાદ દવેનો પૌત્ર) ૯૭% એસ.એસ.સી. પરીક્ષા માર્ચ ૨૦૧૮ માં પાસ કરેલ છે.
- શ્રી કલ્પેનભાઈ એન. શુક્લ. આઈ.આઈ.એમ.ઓ., એલ્યુમીનીયમ એસોસીએશન મુંબઈ વિભાગમાં ત્રીજીવાર પ્રમુખ તરીકે ચુંટાયા છે.
- શ્રી કાર્તિક હિમાશું પાઠક ફેલ ઈન્ડિયા પ્રા.લી. બેસ્ટ સેલ્સ પરફોર્મન્સનો ઍવોર્ડ પ્રાપ્ત થયેલ છે.
- તા. ૩૦-૦૯-૨૦૧૮ના રોજ ગણેશપુરા ખાતે શ્રીબંધુઓએ ગણેશયાત્રાની પૂજા કરી ઉજવણી કરેલ છે. આ ઉત્સવમાં ઘણા શ્રીબંધુઓ જોડાઈને કાર્યક્રમનો ઉત્સાહ વધારેલ છે.
- મહર્ષ પ્રકાશકુમાર પાઠક (ગોધરા) દ્વારા ટેટ હાયર સેન્કડરી સ્કૂલની પરીક્ષા પાસ કરેલ છે.
- શ્રીગૌડ મિત્ર મંડળ દ્વારા સ્નેહ મિલન સમારંભ વડોદરા ખાતે યોજાયેલ હતો.
- તા. ૧૪-૧૧-૨૦૧૮, ડૉ. અતુલભાઈ પંડ્યા, આરતીબેન (વડોદરા) દ્વારા ગરીબ પરીવારના બાળકોને 'આવો દીપ જલાયે' દિન નિમિત્તે મિઠાઈ, રમકડાં વગેરે નિશુક્લ આપવામાં આવેલ છે.
- શ્રીગૌડ સાડત્રીસ સમાજ દ્વારા આર્થિક જરૂરિયાત મંદ કુટુબોને (૧૫ કુટુંબો) દિવાળી નિમિત્તે અનાજકીટનું વિતરણ કરવામાં આવેલ છે.
- અઢારગામ શ્રીગૌડ સમાજ ખેડા દ્વારા શ્રી મહાલક્ષ્મી માતાજી મંદિર ખેડા ખાતે આસો સુદ-૮ને દિવસે હવન યોજવામાં આવેલ હતો.
- પાંચગામ શ્રીગૌડ સમાજ મહુધા દ્વારા મહાલક્ષ્મી માતાજી મંદિર મહુધા ખાતે આસો સુપ-૧૫ને દિવસે હવન યોજવામાં આવેલ હતો.
- તેરગામ શ્રીગૌડ સમાજ કાવિઠા બોરસદ કાતે આસો સુદ-૧૦ને દિવસે મહાલક્ષ્મી મંદિર કાતે હવન યોજવામાં આવેલ હતો.
- કાંકણપુર ખાતે આસો સુદ-૧૫ના દિવસે સિદ્ધેયજ્ઞ માતાના મંદિરમાં હવન યોજવામાં આવેલ હતો.
- મધવાસ સ્થિત મહાલક્ષ્મી માતાના મંદિરમાં આસો દ્વારા હવન યોજવામાં ઓવલ હતો.
- શહેરા મહાલક્ષ્મીધામ, મહાલક્ષ્મી મંદિર દ્વારા નવરાત્રીનું ભવ્ય આયોજન કરવામાં આવેલ હતું.
- રક્તદાન શિબિરનો કાર્યક્રમ, કાશીબા ચિલ્ડ્રન હોસ્પીટલ (વડોદરા) ખાતે કેન્સર માટે એ.એફ.એસ. વડોદરા દ્વારા યોજવામાં આવેલ હતો.
- પિનાકીન શુક્લ દ્વારા દિવ્યાંગ બાળકોને સ્વેટર વિતરણ કરવામાં આવેલ છે.
- સમસ્ત શ્રીગૌડ સમાજ ખંભાત દ્વારા તા.૨૭-૦૭-૨૦૧૮ના રોજ ઈનામ વિતરણ કાર્યક્રમ યોજાઈ ગયોઅને શ્રી માર્કંડભાઈ પાઠકના નેતૃત્વવાળી નવી ટીમ જાહેર થઈ અને બહેનોમાં શ્રીમતી અમીબેન ભટ્ટનું નેતૃત્વ રચાયું.

- તા. ૧૨-૦૮-૨૦૧૮ના રોજ શ્રીગૌડ પ્રગતિમંડળ દ્વારા ડૉ.મેહુલ પંડ્યા (સાયન્સટીસ્ટ ઈસરો અને નાસા યુ.એસ.એ.) અને પ્રા. ડૉ. વિજય પંડ્યાનું સન્માન અને વિજય તારલાઓને ચંદ્રક પ્રદાન કરવામાં આવેલ હતા જેમાં શ્રી હરીન્દ્રભાઈ પાઠકનો બહુમૂલ્ય ફાળો હતો.

**જ્ઞાતિનું ગૌરવ**


- શ્રી પિનાકીન મુકેશભાઈ શુક્લ(વિરપુરવાળા)ની મંત્રી ગુજરાત પ્રદેશ કોંગ્રેસ કમિટીમાં નિમણુંક થયેલ છે.
- શ્રીગૌડ બ્રાહ્મણ પંચ દ્વારા શ્રી મિહિરભાઈ પંડ્યા તથા શ્રી ભાવિનભાઈ પંડ્યાનું શાલ આપી સન્માન કરવામાં આવેલ છે.
- સ્વ. નરેન્દ્ર પી. ઉપાધ્યાયની પ્રથમ પુણ્યતિથિ નિમિત્તે પાનમ ડેમ ખાતે પ્રમુખશ્રી ડૉ.બંસીધર ઉપાધ્યાયની ઉપસ્થિતિમાં હોમાત્મક લઘુરુદ્રનું આયોજન અને ચિ.ભાઈ લોમેશ ઉપાધ્યાય તથા ચિ. ભાઈ નૃપેશ ઉપાધ્યાય દ્વારા કરવામાં આવ્યું હતું અને કુટુંબીજનો અને સ્વજનોની મોટી ઉપસ્થિતિમાં હાજર રહ્યા હતા.
- વડોદરા દ્વારા ૨૫/૧૧/૨૦૧૮ ના રોજ વાર્ષિક સાધારણ સભા, સ્નેહસંમેલન અને ઈનામ વિતરણ સમારંભ નુ આયોજન કરવામાં આવેલ. મંડળના ટ્રસ્ટીઓ ઉપરાંત સૌ સભ્યોએ કુટુંબીજનો સાથે સમારંભમાં હાજર રહી સફળ બનાવ્યો હતો.

## મંગલ મંદિર ખોલો નિરામય મંગલ મંદિર ખોલો........

- તા.૩૦-૧૧-૨૦૧૮ના રોજ શ્રી જનકકુમાર શાંતિલાલ ચતુર્વેદી (વડોદરા) દેવલોક પામ્યા છે.
- તા. ૧૭-૧૦-૨૦૧૮ના રોજ દેવલક્ષ્મીબેન પાઠક દેવલોક પામ્યા છે.
- તા. ૧૬-૧૧-૨૦૧૮ ઉદયનભાઈ હરિશંકર શુક્લ દેવલોક પામ્યા છે.
- તા. ૦૪-૧૧-૨૦૧૮ ગં.સ્વ. સુહાસીનીબેન મનુભાઈ પાઠક (ભાવનગર) દેવલોક પામ્યા છે.
- તા. ૦૩-૧૧-૨૦૧૮ રસીલાબેન શિવશંકર ઉપાધ્યાય દેવલોક પામ્યા છે.
- તા. ૨૨-૧૦-૨૦૧૮ કિરીટભાઈ લજ્જાશંકર પાઠક (અમદાવાદ) દેવલોક પામ્યા છે.
- તા. ૧૦-૧૦-૨૦૧૮ શ્રીમતી દક્ષાબેન યોગેશભાઈ જોષી (કોઠંબા) દેવલોક પામ્યા છે.
- તા. ૦૧-૧૦-૨૦૧૮ ગં.સ્વ. શારદાબેન ભાનુપ્રસાદ પાઠક દેવલોક પામ્યા છે.
- તા. ૨૪-૦૯-૨૦૧૮ નરેન્દ્રકુમાર પુરોહિત (વડોદરા) દેવલોક પામ્યા છે.
- તા. ૨૦-૦૯-૨૦૧૮ શશીકાંત ઈન્દ્રવદન પાઠક (ગોધરા) દેવલોક પામ્યા છે.
- તા. ૨૮-૦૮-૨૦૧૮ શ્રીમતી તરૂલત્તા હર્ષદરાય પાઠક દેવલોક પામ્યા છે.
- તા. ૨૯-૦૮-૨૦૧૮ વિનાયકરાવ કાશીનાથ શુક્લ દેવલોક પામ્યા છે.
- તા. ૨૯-૦૮-૨૦૧૮ શ્રીમતી ઈન્દુબેન રમેશચંદ્ર પંડ્યા (ડાકોર) દેવલોક પામ્યા છે.
- શંકુતલાબેન નંદકિશોરશુક્લ દેવલોક પામ્યા છે.

**સર્વે સદગત આત્માઓને પ્રભુ શાશ્વત શાંતિ અર્પે તેવી પ્રાર્થના.**

## શ્રદ્ધાંજલિ



સ્વ. જસવંતલાલ. જે. શુક્લ(દેવગઢબારિયા)

**સ્વ. જે. જે. શુક્લ(દેવગઢબારિયા)ની શ્રદ્ધાંજલિ નિમિત્તે**
**રૂ. ૧૦૦૦/- ડોનેશન પેટે સંસ્થાને મળેલ છે હસ્તે અનિલાબેન જે. શુક્લ**

**રૂ. ૧૦૦૦/- 'જાગૃતિ' નિભાવફંડ ખાતે હસ્તે અનિલાબેન જે. શુક્લ**

# સમસ્ત શ્રીગૌડ સમાજ, ગુજરાત

રજી.નં.*A/3352, Ahmedabad*

**ઉમેદવારી પત્રક**

આથી હું (પૂર્ણ નામ) ................................................................ આપણા સમાજની કાર્યવાહક મંડળમાં નીચેના સ્થાન માટે ઉમદેવારી નોંધાવું છું. ચૂંટણી થાય તો હું ચૂંટણી લડવા તૈયાર છું / નથી. સર્વ સંમતિ થાય તો મારી આ ઉમેદવારી પત્ર રદબાદલ ગણવો.

આથી હું જાહેર કરું છું કે હું સમાજનો આજીવન સભ્ય છું અને મારે ત્યાં સમાજનું મુખપત્ર 'જાગૃતિ' નીચેના સરનામે આવે છે. (હાલનુ સરનામું લખવું.) મારો સંપર્ક નંબર ........................ છે. (મોબાઈ અથવા ઘરનો ફોન નંબર).

| | ✓ | ✗ | |
|---|---|---|---|
| (૧) પ્રમુખપદ માટે | ☐ | ☐ | (ખરા/ખોટાની નિશાની કરો) |
| (૨) ઉપપ્રમુખપદ માટે | ☐ | ☐ | (ખરા/ખોટાની નિશાની કરો) |
| (૩) ખજાનચી (ટ્રેઝરર) | ☐ | ☐ | (ખરા/ખોટાની નિશાની કરો) |
| (૪) કારોબારીના સભ્ય માટે | ☐ | ☐ | (ખરા/ખોટાની નિશાની કરો) |

સરનામું : ..........................................................................

સભ્યપદ નં...................

સહી

ઉપરનું ફોર્મ ભરી પ્રમુખશ્રીના સરનામે (ડૉ.બંસીધર ઉપાધ્યાય, ઈ-૧૦, આયોજનનગર, શ્રેયસ ક્રોસિંગ પાસે, પાલડી, અમદાવાદ-૭, મો. ૯૮૨૪૪૦૬૩૮૧) **તા. ૧૩-૦૧-૨૦૧૯** સુધીમાં રૂબરૂ અથવા રજી.પોસ્ટ કે કુરિયર દ્વારા મોકલવું. **તા. ૧૬-૦૧-૨૦૧૯**ના રોજ આની ચકાસણી કરી દરેક પદ માટે નિશ્ચિત સ્થાન (બંધારણ મુજબ પ્રમુખ-એક, ઉપપ્રમુખ-ચાર(બે કો -ઓપ્ટ), ખજાનચી (ટ્રેઝરર) - એક, કારોબારી સભ્ય ૨૯ ) કરતાં વધારે ઉમેદવારી હશે તો તા. **૧૮-૦૧-૨૦૧૯**ના રોજ ઉમેદવારોને બોલાવી સમાજના હિતમાં સર્વ સંમતિ સાધવા પ્રયત્ન કરીશું, જો એમ નહિ થાય તો **તા. ૨૦-૦૧-૨૦૧૯**ના રોજ ચૂંટણીની કાર્યવાહી કરીશું.

| **પ્રમુખ** | **મંત્રીઓ** |
|---|---|
| **પ્રિ.ડૉ.બંસીધર ઉપાધ્યાય** | **કૌશિક એચ. પાઠક, જયંત જી. જોષી** |

નોંધ : ઉપરોક્ત જાહેરાત સમાજની અધિકૃત વેબસાઈટ પર મૂકવામાં આવી છે.

ટ્રસ્ટ રજી. નં. ઈ–૭૨૮૩
AMC રજી.નં. PIEL ૪૧૬૨૩

॥ શ્રી ગણેશાય નમઃ ॥

ફોન : ૦૭૯–૨૬૬૦૪૧૩૪
મો. : ૯૮૭૯૭૯૪૧૩૪
૯૮૭૯૬૦૪૧૩૪

V.M.B.
Estd. 1995

વિધાતા એજ્યુકેશન ટ્રસ્ટ, અમદાવાદ સંચાલિત

## વિધાતા મેરેજ બ્યુરો

૧૯૯૫ થી અભણ, ઓછું ભણેલા, નોન ગ્રેજ્યુએટ, ડીગ્રીધારક, મેડીકલ,
એન્જિનિયરિંગના ઉચ્ચ શિક્ષિત ભારતના, વિદેશના એન.આર.આઈ. માટેના જીવનસાથી પાત્રો
૧૦૦% ગેરંટીથી મેળવી આપનાર કમ્પ્યૂટરાઈઝ લગ્ન સંસ્થા



અપરણિત, છુટાછેડા, વિધવા, વિધુર, સીનીયર સીટીઝન, સફેદદાગ, વિકલાંગ, શારિરીક ક્ષતિ, મુકબધધિર, પ્રજ્ઞાચક્ષુ
એચ.આઈ.વી., એન.આર.આઈ. યુવક–યુવતિના લાયક અને યોગ્ય જીવનસાથી પાત્રોની
આપની પસંદગી મુજબ ઈચ્છાનુસાર મેરેજ ન થાય ત્યાં સુધી કોન્ટેક્ટ કરાવી આપવામાં આવે છે.

**૧૦, સેલર, વિજય કોમ્પલેક્ષ, વાસણા બસ સ્ટેન્ડ પાસે, વાસણા, અમદાવાદ-૩૮૦૦૦૭.**
**સમય : ૧૦ થી ૮, રવિવારે ૧૦ થી ૧, જાહેર રજાએ ચાલુ.**

Website : www.vidhatamarriage.com
Email : contact@vidhatamarriage.com

**હસમુખ જોષી**
M.A.,LL.B.
મેનેજિંગ ડાયરેક્ટર

લગ્ન સ્વર્ગમાંથી રચાય છે, તેમની જોડી 'વિધાતા' યોગ્ય સમયે મેળવી આપે છે,
તેમાં પુરૂષાર્થ થકી પ્રારબ્ધ ઘડવાની વિધાતા પણ છૂટ આપે છે.

**દિના જોષી**
M.A.,LL.B.
મેનેજર



## ઉડાન પ્રિ-સ્કૂલ

**પ્લે. ગ્રુપ થી પ્રાયમરી**
**(અંગ્રેજી/ગુજરાતી માધ્યમ)**

### વિશેષતાઓ

- સુનિયોજીત અભ્યાસક્રમ
- પ્રશિક્ષિત અને કાર્યદક્ષ શિક્ષકો
- અનુકુળ વ્યક્તિગત બેઠક વ્યવસ્થા
- પ્રવૃત્તિમય અને ગુણવત્તાસભર શિક્ષણ
- વિવિધ સ્પર્ધાનું આયોજન
- ધાર્મિક–સાંસ્કૃતિક કાર્યક્રમોની ઉત્સાહપૂર્ણ ઉજવણી
- માસીક વાલી મીટિંગ
- એજ્યુકેશનલ સોફ્ટવેર
- સહ–શૈક્ષણિક પ્રવૃત્તિઓ
- દરેક વાલીને મોબાઈલ એપ.
- ઈન્ડોર આઉટડોર સ્પોર્ટસ ફેસિલીટી
- ઓડિયો વિડિયો ક્લાસરૂમ
- ડાઈનિંગ સ્પેસ
- આર્ટ એન્ડ ક્રાફ્ટ વર્કશોપ

યુનિફોર્મ, કેપ, સ્કુલબેગ,
દરેક વિષયની બુક, વર્કશીટ,
કાયમ ગરમ પૌષ્ટિક નાસ્તો

ઉડાન મલ્ટિ એક્ટીવિટી સેન્ટર, ડાન્સ,
મેમરિ ટેકનિક, કરાટે,
મેથ્સ સોલ્યુસન, યોગ,
સ્પીડ રીડિંગ, મિડ બ્રેઈન એક્ટિવેશન

**લોમેશ ઉપાધ્યાય - મો. ૯૮૭૯૦૦૭૩૩૦**
**નૃપેશ ઉપાધ્યાય - મો. ૯૯૨૫૦૩૪૫૫૧**

**મુ.પો. કોઠંબા, તા. લુણાવાડા, જિ. મહિસાગર**



પ્રકાશક અને મુદ્રક :
**સમસ્ત શ્રીગૌડ સમાજ ગુજરાત વતી**
**પ્રમુખશ્રી પ્રિ.ડો. બંસીધર એન. ઉપાધ્યાય**
સી-૨૧૨, દેવઓરમ, મારૂતિનંદન કાઠિયાવાડી હોટલની પાછળ,
આનંદનગર ચાર રસ્તા, પ્રહલાદનગર રોડ, અમદાવાદ
email ID : shrigaudjagruti@gmail.com
M : +91 - 982 440 6381, 799 035 2323
આજીવન સભ્ય ફી રૂ. ૨૦૧/- પતિ-પત્ની સાથે રૂ. ૩૦૧/-
પરદેશમાં રૂ. ૨૫૦૦/-


બુક–પોસ્ટ

પ્રતિ